# <u>ફોજદારી કેસ નં.૫૦૦૧૯૭૧/૨૦૧૬</u>

## <u>:: આંક : ૧ નીચે હુકમ ::</u>

(૧) બંન્ને પક્ષોની વિનંતીથી સદર કેસ આજરોજ લોકઅદાલતમાં મેજીસ્ટ્રેટના સ્પે.સીટીંગમાં નિર્ણયાર્થે લેવામાં આવેલ છે.

ફરિયાદપક્ષના આક્ષેપ મુજબ આ કામના આરોપી/ઓએ સંબધિત **કંપની એક્ટ ૧૯૫૬ ની કલમ ૫૮એ** મુજબનો ગુનો કરેલ છે.

કંપની પ્રોસીક્યુટરએ આરોપીપક્ષને લઘુત્તમથી ઓછી સજા નહી કરવા દલીલો કરેલી છે.

(૨) આરોપીપક્ષ અદાલત સમક્ષ ઉપસ્થિત થતા, આરોપીપક્ષને ફરિયાદ પેપર્સની નકલો આપ્યા બાદ, આરોપીપક્ષની પ્લી ગુના સબબ નોંધતા, આરોપીપક્ષે પોતાની સામેના ગુનાનો સ્વેચ્છીક એકરાર કરી કબૂલાત પુરસીસ આપેલ છે. આરોપીપક્ષે ગુનાનો એકરાર સ્વેચ્છીક રીતે કરેલ હોય, આરોપીએ અદાલત સમક્ષ પારાવાર પસ્તાવો વ્યકત કરેલ હોય, ભવિષ્યમા આવા પ્રકારનો ગુનો નહી કરવા ખાત્રી આપતા હોય, આ કામના આરોપીએ પોતાનાથી અજાણતા, ઈરાદા સિવાય, રોજબરોજની કામગીરીમાં, કંપનીની નબળી નાંણાકીય સ્થિતીના લીધે આવા પ્રકારનો ગુનો પ્રથમવાર ગુનો થયાનું જણાવેલ હોય અને ભવિષ્યમાં આ પ્રકારનો ગુનો ફરીથી નહી કરવા ખાત્રી આપેલ છે. આરોપીપક્ષે ગુનાનો એકરાર કરેલ હોય, સજા કરવી જોઈએ તેમ માનું છું. આરોપીપક્ષે જણાવેલ છે કે, <u>ન્યાયમૂર્તિ ડો. જે. એન.ભટ્ટ સાહેબે સ્ટેટ ઓફ ગુજરાત વિરૂધ્ધ નટવર હરચંદ ઠાકોર (ક્રિમીનલ અપીલ નંબર ૪૭૭/૨૦૦૨ વિગેરે)</u> ના ચુકાદામાં યોગ્ય અને ખાસ કારણો હોય તો ન્યુનતમથી ઓછી સજા કરી શકાય તેવા સિધ્ધાંતો પ્રસ્થાપિત કરેલા છે.જેનો લાભ આપવા અરજ કરેલ છે.

વધુમાં રજુઆત છે કે, સદર ગુનો સમન્સ ટ્રાયલથી ચાલવાપાત્ર, સમાધાનલાયક છે. વધુમાં આરોપીપક્ષે રજુઆત કરેલ છે કે, હાલમાં નબળી નાણાંકીય પરિસ્થિતીના લીધે કંપની બંધ થયેલી છે કે કંપનીની કામગીરી નહિવત થઈ ગયેલ છે. વધુમાં રજુઆત કરેલ છે કે, જે તે સમયે ખોટી સલાહ મળવાના લીધે આ ગુનો થયેલ છે અને તેથી આરોપીપક્ષને કોઈ નાંણાકીય લાભ મળેલ નથી કે સરકારશ્રીને કોઈ રેવન્યુ લોસ થયેલ નથી. વધુમાં રજુઆત છે કે, જો ઘણાબધા દિવસનો વિલંબ ગણી મોટો દંડ કરવામાં આવે તો આરોપીની આર્થિક સ્થિતી વધુ વિકટ બને તેમ છે અને કાયદાને માન આપવાની વૃત્તિ બતાવી બાકી રીટર્ન કે કામગીરી પુર્ણ કરેલ છે અને છતા બાકી હોય તો તેઓ પુર્ણ કરવા તૈયાર છે. વધુમાં રજુઆત છે કે, નવા કંપની ધારાની કલમ-૪૪૬ એ મુજબ દંડ/સજા નકકી કરતા સમયે size of the company, nature of business carried on by the company, injury to public interest, nature of the default, repetition of the default ધ્યાને લેવુ જોઈએ. વધુમાં રજુઆત કરેલ છે કે, કલમ-૪૪૬બી મુજબ એક વ્યકિતની કંપની કે સ્મોલ કંપનીના કેસમાં ક.૯૨(૫), ૧૧૭(૨), ૧૧૭(૩), ૧૩૭(૨) મુજબ આપવામાં આવેલ સજા/દંડની જોગવાઈથી ૧/૨ સજા/દંડ અદાલત કરી શકે છે તેવા પ્રબંધ કરેલા છે. વધુમાં રજુઆત છે કે, કલમ-૪૪૧(૩)(સી) ના પ્રબંધો મુજબ ગુનો સંબધિત સત્તાધિકારી સમક્ષ સમાધાન કરવામાં આવેલ હોય તો આરોપી સામે ફરીયાદ દાખલ કરી શકાય નહી અને જો ફરીયાદ દાખલ કરેલ હોય તો કલમ-૪૪૧(૩)(ડી) મુજબ તેમાં સમાધાનના હુકમની હકીકત જણાયેથી આરોપીપક્ષને ડીસ્ચાર્જ કરવાના પ્રબંધ કરેલા છે. જેથી આરોપીપક્ષે લોકઅદાલતમાં આ પ્રબંધોમાંથી મળવાપાત્ર લાભ અપાવવા અરજ કરેલી છે.

(૩) ઉપરોકત તમામ હકીકત, નામ.હાઈકોર્ટે પ્રસ્થાપિત સિધ્ધાંત, કંપની એકટના પ્રબંધો ધ્યાને લેતા સદર કેસ ફકત દંડ કરી ફેસલ કરવામાં આવે તો તે ન્યાયોચિત જણાઈ આવે છે. આ બાબતે ફરીયાદપક્ષે પણ કોઈ વાંધો લીધેલ નથી. જેથી ન્યાયના વિશાળ હીતમા નીચેનો હુકમ કરવામા આવે છે.

-:હુકમ:-

૧) આરોપીપક્ષને ક્રિ.પ્રો.કોડની કલમ ૨૫૫ મુજબ કંપની એક્ટની ઉપરોક્ત ગુના સબબ તકસીરવાન ઠરાવવાનો હુકમ કરવામાં આવે છે.

૨) **કંપની એક્ટ ૧૯૫૬ ની કલમ ૫૮એ** ના સદર ગુના સબબ, આરોપી નં.૧ કંપનીને તથા આરોપી નં.૨, ૪, ૫ કંપનીના ડીરેક્ટરને **દરેકને રૂ.૧૦,૦૦૦/-** નો દંડ કરવાનો હુકમ કરવામાં આવે છે. જો આરોપીઓ દંડ ન ભરે તો તેઓને ત્રણ માસની સાદી કેદની સજા કરવાનો હુકમ કરવામાં આવે છે. (**કુલ દંડ રૂ.૪૦,૦૦૦/-**)

૩) આ કામે કંપની એક્ટની કલમ-૪૪૬ અન્વયે ફરીયાદપક્ષને થયેલ ખર્ચ પેટે વસુલ થયેલ દંડમાં થી રૂ.૨૦૦૦/- ફરીયાદપક્ષને રીફંડ વાઉચર નિયમોનુસાર બનાવીને ચુકવી આપવાનો હુકમ કરવામાં આવે છે.

૪) સંબંધિત કંપનીના જવાબદારે સદર કેસમાંનુ આક્ષેપિત નિયમોનુસાર કોસ્ટ ઓડીટ રીપોર્ટ ભરવાનું કે કામગીરી બાકી હોય તો સદર હુકમથી દિન-૩૦ માં તે પુર્ણ કરવાનું રહેશે.

**સદર કામના આરોપી નં.૩ નિલેષ કેશવલાલ પટેલનાઓ મરણ ગયેલ હોય તેઓની સામેનો કેસ એબેટ કરવાનો હુકમ કરવામાં આવે છે.**

**સદર કામ ફેંસલ કરવાનો હુકમ કરવામાં આવે છે.**

હુકમ આજરોજ વાંચી, સંભળાવી મારી સહી કરી જાહેર કર્યો.

તારીખ : ૧૪/૦૩/૨૦૨૬.
અમદાવાદ(સીટી).
(લો.અ.-સ્પે.સીટીંગ)

**(ડી.એચ.ખંભાતી)**
એડી.ચીફ જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ,
અમદાવાદ(સીટી).(જી.જે.૦૦૮૬૬)